સભાનતાપૂર્વક જીવવું



એક એવી જીવનશૈલી જ્યાં આપણે સભાનપણે/ધ્યાનપૂર્વક જીવતા નથી. તમે જે કંઇ પણ કરો છો, ધ્યાન બીજે ક્યાંક હોય છે. રસ્તા પર ચાલી રહ્યા છો, શરીર રસ્તા પર હોય છે પરંતુ તમારું મન ઘરે હોઈ શકે છે, તમારી પત્ની સાથે વાત કરી રહ્યા હો અથવા તમારા પહેલાં ઓફિસ પહોંચી ગયું હોય, ઓફિસમાં વ્યવસ્થા કરી રહ્યું હોય પણ તમે હજી પણ રસ્તા પર હો. મન બીજે ક્યાંક, શરીર બીજે ક્યાંક આ મૂર્છાત અવસ્થા છે.

જ્યાં શરીર ત્યાં મન આ જાગરૂક્તાની સ્થિતિ છે. અહીં, તમે મને સાંભળી રહ્યા છો જો, સાંભળવાની આ ક્ષણોમાં, ફક્ત સાંભળવાની પ્રક્રિયા જ રહી જાય મન રોકાય જાય, સ્થિર રહે બસ આ જ ધ્યાન છે.

ધ્યાન કોઇ અલગથી થતી પ્રક્રિયા નથી. ધ્યાન એ સભાનપણે જીવન જીવવાની એક વિધિનું નામ છે. ધ્યાન કોઇ એવી વાત નથી કે જે તમે ચોવીસ કલાકમાં એક કલાક કાઢીને બેસો અને કરી લો કારણ કે ત્રેવીસ કલાક ધ્યાન વગર હો અને એક કલાક ધ્યાનમાં હો તો અ-ધ્યાન જીતશે ધ્યાન જીતી ન શકે. ત્રેવીસ કલાક મૂર્છા હોય અને એક કલાક અ-મૂર્છાનો પ્રયોગ હોય તો તમે ક્યારેય બુદ્ધત્વને ઉપલબ્ધ ન થઇ શકો.

આ એક કલાક ત્રેવીસ કલાક પર કેવી રીતે જીતશે? એ સમજવું પણ મહત્ત્વપૂર્ણ છે કે: જે ત્રેવીસ કલાકથી મૂર્છાત છે તે ફક્ત એક કલાક માટે સભાન કેવી રીતે

ધ્યાન કોઇ અલગથી થતી પ્રક્રિયા નથી. ધ્યાન એ સભાનપણે જીવન જીવવાની એક વિધિનું નામ છે

ક્યાંય ભટકે નહીં, ફક્ત અહીં જ હોય, હમણાં અને સાંભળવું જ એ એકમાત્ર ઘટના બની રહે જાણે આખી દુનિયા ખોવાઈ ગઇ, જાણે કંઈ જ ન બચ્યું અહીં હું છું જે બોલી રહ્યો છું, ત્યાં તમે છો જે સાંભળી રહ્યા છો. બસ આ બંને વચ્ચે એક સેતુ બની જાય અને તમારું મન બીજું કોઈ કાર્ય કરતું ન હોય બધી ભ્રાંતિ નિષ્ક્રિય થઈ જાય, ફક્ત સાંભળો તો સાંભળવાની આ ક્ષણમાં તમને જાગૃતતાનો અનુભવ થશે. તમે પહેલી વાર જાણી શકશો કે ધ્યાન શું છે. ધ્યાનનો અર્થ એટલે આ ક્ષણમાં હોવું, આ ક્ષણથી પાર ન જવું. કોઈએ બુદ્ધને પૂછ્યું ધ્યાન કેવી રીતે કરવું? તો બુદ્ધે કહ્યું તમે જે પણ કરો તેને ધ્યાનપૂર્વક કરો બસ તે જ ધ્યાન છે.

ઓશો વાણી

ચાલો તો ધ્યાનપૂર્વક ચાલો, જાણે ચાલવું જ સર્વસ્વ છે. ભોજન કરો તો ધ્યાનપૂર્વક કરો જાણે ભોજન કરવું જ સર્વસ્વ છે. ઊઠો તો ધ્યાનપૂર્વક ઊઠો, બેસો તો ધ્યાનપૂર્વક બેસો. બધી ક્રિયાઓ ધ્યાનપૂર્વક હોય. આપણું મન ક્ષણની બહાર જવું ન જોઈએ. ક્ષણની સીમામાં આ પ ણું મ ન રહી શકે? કારણ કે જીવનનો અંતર્ગત પ્રવાહ એક કલાક માટે અચાનક તોડી ન શકાય. વહેતો પ્રવાહ વહેતો રહેશે. તમે ભલે મંદિર, મસ્જિદ કે ગુરુદ્વારામાં ચાલ્યા જાવ તેનાથી કોઈ ધ્યાન નહીં થશે કારણ કે તમે દુકાનમાં અભાન હતા, તમે ઘરે અભાન હતા, તમે બજારમાં અભાન હતા, તો મંદિરમાં અચાનક કેવી રીતે સભાનતા સધાઈ જશે? તેની કોઈ અંતરધારા ન હશે, તો અચાનક કંઈ પણ ફલિત થવાનુ નથી.

તેથી જ બુદ્ધે કહ્યું છે, ચોવીસ કલાક ધ્યાનમાં રહેવું ત્યારે જ ધ્યાન ઘટી શકશે તેથી ધ્યાન જીવનની ઘણી પ્રવૃત્તિઓમાં એક કર્મ નથી. ધ્યાન જીવનનાં ઘણાં કર્મોની માળામાં એક મણકો નથી. ઘણા મણકાઓ છે, તેમાં ધ્યાન એક મણકો નથી. ધ્યાન તો બધા મણકા વચ્ચે ગૂંથેલા દોરા જેવું છે. તો ધ્યાન એક કૃત્ય નથી પરંતુ જીવનનો એક ઢંગ છે. આપણે જે પણ કરીએ તે જ ધ્યાનપૂર્વક થઈ જાય. દરેક મણકામાં છુપાયેલ દોરો હોય તો જ માળા બનશે. તે દોરો દેખાતો પણ નથી. તે મણકાની અંદર છુપાયેલ છે, ઢંકાયેલું છે. ધ્યાની દેખાતો નથી તેના તમામ કર્મોની વચ્ચે તેના ધ્યાનનો દોરો પોરવાયેલો હોય છે અને જે દિવસે કોઈ વ્યક્તિ ધ્યાનપૂર્વક જીવે છે, તે દિવસે તે જાગૃત થાય છે.

(ઓશોનાં પુસ્તક 'નહીં રામ બિન ઠાંવ' માંથી સૌજન્યઃ ઓશો ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે.)

॥ જય શ્રી રામ ॥

દેશની સૌથી મહત્ત્વપૂર્ણ પારંપરિક દીપોત્સવ પર્વ શૃંખલાને આજે પ્રત્યેક સનાતની માણી રહ્યો છે. પવિત્ર, આધ્યાત્મિક, ધાર્મિક, અને પૌરાણિક તથ્યો સાથે હજારો વર્ષથી ઉજવાતા તહેવારોની પર્વ શૃંખલા સાથે અનેક કથાનકો જોડાયેલા છે, અનેક પરંપરાઓ પણ જોડાયેલી છે. આનંદ-ઉમંગ, રંગ, પ્રકાશના દીપોત્સવ માત્ર સનાતનીઓનું પર્વ નથી તેની સાથે શીખ, જૈન, બૌદ્ધ જેવા ધર્મના પણ પ્રસંગો સંકળાયેલા છે તો સનાતન ધર્મના વૈષ્ણવ, સ્વામિનારાયણ જેવા સંપ્રદાયોના પણ ધર્મપ્રસંગો જોડાયેલા છે. સૌ કોઈ એ તો જાણે જ છે કે ભગવાન શ્રી રામ ચૌદ વરસનો વનવાસ પૂરૂં કરી રાવણ વધ પછી અયોધ્યા પધારે છે ત્યારે આખીયે અયોધ્યાનગરીને ધ્વજા-પતાકા, તોરણો અને દીપમાળાઓથી દીવડાઓ પ્રગટાવીને



હિન્દુ કેલેન્ડર અને અંગ્રેજી કેલેન્ડર બંને ભારતીયો માટે મહત્ત્વના છે અને બંને વચ્ચેના તફાવતને બેલેન્સ કરવા ચંદ્રની કળા અને તિથિ આધારિત વિક્રમ સંવત કેલેન્ડરમાં તિથિવૃદ્ધિ કે તિથિક્ષયની ગોઠવણ છે

મહાભારત ધર્મગ્રંથ અનુસાર પાંડવો ૧૩ વર્ષનો અજ્ઞાતવાસ ભોગવી તેમના રાજ્યમાં પુનઃ આગમન કરે છે ત્યારે નગરજનો દીપ પ્રગટાવી, આંગણે રંગોળીઓ સજાવી, ધ્વજા-પતાકા સાથે તેનું સ્વાગત કરે છે એ પણ દિવાળીનો દિવસ હતો. ધન, સુખ અને સમૃદ્ધિની દેવી માતા લક્ષ્મીજીનું સમુદ્ર મંથન દરમ્યાન આસો વદ અમાસના દિવસે પ્રાગટ્ય થયું હતું અને અને ભગવાન શ્રી વિષ્ણુએ તેમનો પત્ની તરીકે સ્વીકાર કર્યો હતો. આથી લક્ષ્મી-નારાયણની કૃપા પ્રાપ્તિ માટે દિવાળીના દિવસે વિશેષરૂપે લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવે છે. જો કે એક કથાનુસાર ભગવાન શ્રી કૃષ્ણે આ દિવસે દૈત્ય નરકાસુરનો વધ કરેલો. અતિ ક્રુર એવા નરકાસુરે દક્ષ પ્રજાપતિની પુત્રી અને ઋષિ કશ્યપની પત્ની દેવમાતા અદિતિના દિવ્ય કુંડળ અને ઘરેણા પડાવી લીધેલા. આથી અદિતિએ તેમના સખી અને સ્નેહી જેવી પ્રિય સત્યભામાને જાણ કરતા ભગવાન શ્રી કૃષ્ણે નરકાસુરના નગર પર ચડાઈ કરી તેનો વધ કરી દિવ્ય કુંડળ તથા ઘરેણાઓ અદિતિજીને પરત અપાવ્યા હતાં.

ક્રુર દૈત્યથી મુક્તિ અપાવવા બદલ વિજયની ખુશી સાથે દિવાળીનું પર્વ મનાવાય છે.

કલિંગના ભયંકર યુદ્ધ પછી સમ્રાટ અશોકે પશ્ચાતાપ સ્વરૂપે હિંસાનો ત્યાગ કરી અહિંસાનો માર્ગ અપનાવી બૌદ્ધ ધર્મ ધારણ કરેલ અને આ દિવાળીનો દિવસ હોવાથી બૌદ્ધ ધર્મનો જ્ઞાન અને કરૂણારૂપી પ્રકાશ ફેલાવવાના પ્રતીક રૂપે દીવાઓ પ્રગટાવી ભગવાન બુદ્ધની પૂજા અર્ચના કરે છે તો જૈન ધર્મમાં પણ.. જૈનોના ૨૪માં અને અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી પાવાપુરી ખાતે દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા હતાં. તો ભગવાન મહાવીર સ્વામીના પરમ શિષ્ય ગૌતમ સ્વામીને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. જૈન પંચાગના વીર નિર્વાણ સંવતનો પ્રારંભ ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણદિનથી થયો હતો એટલે જૈનોની પણ દિવાળી પર્વ ઉજવણીનું મહત્ત્વ વિશેષ રહ્યું છે. જૈન લોકો આ તહેવારોમાં ફટાકડા ફોડવાને બદલે ઉપવાસ, સ્વાધ્યાય, ધ્યાન, તપ અને વિતરાગ ભાવની સાધના સાથે વિશેષરૂપે પૂજા-અર્ચના કરે છે. મોગલ બાદશાહ જહાંગીરની ગ્વાલયર જેલમાંથી શીખ ગુરુ શ્રી હરગોવિંદ સિંહ ને દિવાળીના અવસરે અન્ય ૫૬ રાજપુત રાજાઓ સાથે મુક્ત મળી હતી એટલે શીખસમાજ માટે પણ દીપાવલી પર્વનું વિશેષ મહત્ત્વ છે.

સંસ્કૃતિ દર્શન

સનત દવે

મુખ્યત્વે સનાતીઓને પુછશો કે દિવાળીની ઉજવણી શા માટે કરવામાં આવે છે? તો સામાન્ય રીતે લક્ષ્મીકૃપા પ્રાપ્ત કરવા અથવા તો રામ ભગવાનના વનવાસ પછીના અયોધ્યા આગમનની ઉજવણીને યાદ કરવાનું જ મહત્ત્વ જણાવશે. ભગવાન શ્રી રામની જન્મભૂમિ અયોધ્યામાં અત્યારે દેશભરમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. ગઈકાલે ત્રીસ લાખ દીવાઓથી અન્ન અયોધ્યાનાં સરયુ તટો ઝળહળી ઉઠ્યાં હતાં. લાખો લોકો રામમંદિરમાં રામલલ્લાના દર્શન કરી ધન્ય બની રહ્યાં છે. ત્યારે થોડું રામ તથ્યનું વિશેષ સ્મરણ-નિરૂપણ યોગ્ય રહેશે.

ધર્મગ્રંથો આધારીત તથ્ય એવું છે કે બ્રહ્માંડના સર્જન સાથે વેદોનું સર્જન થયું હતું. સૌ પ્રથમ બ્રહ્મા જીએ વેદોને જાણી નારદજીને સંભળાવ્યા અને હજારો વર્ષ સુધી મૌખિક પઠન ચાલ્યું પણ કળીયુગના પ્રારંભ સાથે યાદશક્તિ ઓછી થવા લાગી ત્યારે લેખિત પરંપરાનો પ્રારંભ થયો. વેદ-વ્યાસે ગણેશજી પાસે વેદો લીપીબદ્ધ કરાવ્યા પણ પછી મહર્ષિ પલાસે ઋગ્વેદનું, ઋષિ જૈમિનીએ સામવેદનું, મહર્ષિ વૈશંપાયને યજુર્વેદનું, મહર્ષિ સુમન્તુ મુનિએ અથર્વવેદનું અને મહર્ષિ રોમહર્ષણે પુરાણોનું સંપાદન કર્યું. અહીં સંપાદન શબ્દ વપરાયો છે એટલે રચયિતા નહી સમજવું. વેદ-વ્યાસે મહાભારત ગણેશજી પાસે અને વાલ્મિકીજીએ રામાયણની રચના કરી. રામાયણ અને ભગવાન રામ એ દુનિયાભરના સંશોધકો, સાહિત્યકારો, ચિંતકો માટે સૌથી મહત્ત્વપૂર્ણ સંશોધનનો વિષય બન્યો છે.

દેશની બધીજ પ્રાદેશિક ભાષાઓમાં આજે રામાયણ ઉપલબ્ધ છે. તો કંમ્બોડીઅન, ઈન્ડોનેશિયાની બાલીનીઝ, વિયેતનામની અન્નામીઝ, ચાઈનીઝ, જાપાનીઝ, કન્નડ, અંગ્રેજી તેમજ અનેક યુરોપિયન ભાષાઓમાં પણ રામાયણનું ભાષાંતર સ્વરૂપ જોવા મળે છે. જો કે વાલ્મીકિ, વેદવ્યાસ, કાલિદાસ, ભવભૂતિ, તુલસીદાસ, એકનાથ, રામાનુજ જેવા વિદ્વાનો અને સંતો સિવાય પણ રામાયણના એક અભ્યાસુ અંગ્રેજ Cammille Bulke ના જણાવ્યા મુજબ જુદાં જુદાં ૩૦૦ જેટલા રામાયણની એની પાસે નોંધ છે.

મર્યાદા પુરૂષોત્તમ રામના મંદિર વગરના દેશના ગામ-શહેર શોધવા મુશ્કેલ છે. ભગવાન રામના જીવન પર રચાયેલ રામાયણ ગ્રંથ પરથી નિર્માણ પામેલી દૂરદર્શનની 'રામાયણ' સીરિયલ ૧૯૮૭ માં એટલી બધી લોકપ્રિય બનેલી કે પ્રત્યેક રવિવારે ૯ વાગે દેશના ૮ કરોડો દર્શકો સઘળા કામ છોડીને ટીવીની સામે ગોઠવાઈ જતાં. રામાયણનો એ પ્રભાવ જોઈને વિશ્વભરના બુદ્ધિજીવીઓ, વિવેચકો, ચિંતકો અને સંશોધકોને રામાયણના તથ્યો શોધવા મજબૂર કરી દીધેલા. રામાયણમાં વચન બદ્ધતા, જીવન સરળતા, ભાઈઓનો ભાતૃપ્રેમ, હનુમાનજીની સેવા-ભક્તિ, શબરીનું ધૈર્ય, વિભિષણનો સત્યધર્મ માટે પરિવારનો ત્યાગ, એ ધર્મની રક્ષા માટે અહંકારમાં મદમસ્ત દશાશનનો વધ જેવી ભાવનાઓના એક એક વિષય પર સંશોધકો પુસ્તકો લખી રહ્યાં છે. સરળ શબ્દ 'રામ' માનવજીવન સાથે વિવિધ પ્રકારે જોડાયેલો જ રહ્યો છે. એકાગ્રતા કેળવવા સાથે ભક્તિમાં ધ્યાન લાગે એટલે કેટલાંય લોકો સતત રામ રટણ કરવા સાથે નોટબુકમાં પણ રામ નામ લખતા હોય છે. કેટલીયે સંસ્થાઓ રામ નામ લખવા માટે નોટબુકો નિઃશુલ્ક પુરી પાડતી હોય છે. કાશીમાં ૧૮૨૬ થી એટલે કે છેલ્લા એકસો વર્ષથી રામ રમાપતિ બેંક ચાલે છે. જે સવાલાખ રામનામની નોટબુક જમા કરે છે અને અહી લાખો લોકો આ બેંકના ખાતેદાર છે. ઈ.સ. ૨૦૨૪ સુધીમાં ૧૯ અબજથી વધુ હસ્તલિખિત રામનામ અહી સચવાયા છે. આગળ જણાવ્યું એમ રામનામ માનવજીવનમાં અનેક સ્વરૂપે, અનેક ભાવથી સંકળાયુ છે. સોશ્યલ મિડિયા પરથી એક ટોપીક મળ્યો કે રામ... રામ, બે વાર બોલો તો સામેની વ્યક્તિ સાથેનું અભિવાદન છે. ત્રણવાર રામ.. રામ.. રામ બોલીએ તો સંવેદના પ્રગટ થાય છે. અનેકવાર રામ, રામ રટતા રહીએ તો એ સાધના છે. ઉત્સાહમાં જય શ્રી રામ બોલાવીએ છીએ તો અતિઉત્સાહમાં આપણે જય જય શ્રી રામ નો ઉચ્ચાર કરીએ છીએ. હાય, રામ... બોલવામાં લજ્જા કે છોભીલાપણાનો ભાવ પ્રકટે છે તો કષ્ટ પડે ત્યારે હે રામ!! બોલાય જાય છે. થાકી જઈએ તો હાશ રામઃ, અવઢવનો જવાબ 'રામ જાણે' હોય છે. કઈક પ્રાપ્ત થાય ત્યારે 'રામજીની કૃપા' બોલીએ અને કઈક ગુમાવ્યે ત્યારે 'રામજીની ઇચ્છા' નો ભાવ પ્રગટે.. અંતે અંત સમયની યાત્રા પણ 'રામ નામ સત્ય છે' સાથેની હોય છે. ખેર.. ભગવાન શ્રી રામના નજીકના મંદિરે આવતી કાલે નૂતન વર્ષે જરૂર માથું ટેકવવા જજો, આખુ વર્ષ આપનું શુભ થાય એવી શ્રી રામની આશિષ કૃપા જરૂર મળશે.

લેખાંક-૯૭

॥ कृष्णस्तु भगवान स्वयम् ॥

ધેનકાસુર વધ - લીલાનો ભાવ

આ ગાઉના લેખમાં સમજ્યા તેમ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પરમ સૌભાગ્યશાળી મિત્રબાળકો અને બળરામ સાથે પોતાની અંતરંગ શક્તિનું પ્રદર્શન કરતા કરતા પોતાની લીલાઓમાં વ્યસ્ત હતા ત્યારે પોતાની શક્તિને પ્રગટ કરવાનો



ભગવાન બે રીતે ભોજન કરે છે. જ્યાં સાધારણ પ્રેમ છે ત્યાં ભગવાન રસ રૂપે ભોજન કરે છે. જ્યાં અતિશય પ્રેમ છે ત્યાં ભગવાન પ્રત્યક્ષ ભોજન કરે છે

તેમને એક વધુ અવસર પ્રાપ્ત થયો. તેઓ તાલવનમાં ગયા ત્યારે તેમણે જોયું કે વૃક્ષો પર લાગેલા મધુર ફળોનો ઉપયોગ 'ધેનકાસુર'ના ભયથી કોઈ કરતું નહોતું. આ વખતે તેમણે બળરામને આગળ કર્યા અને બળરામની શક્તિથી ધેનકાસુરના પ્રાણ નીકળી ગયા. આ લીલા રહસ્યનાં બે તથ્યો અગાઉના લેખમાં સમજ્યા પછી હવે વધુ વિસ્તૃતિકરણ સમજીએ.

બળરામે ધેનકાસુરને મારવા માટે કરેલું બળપ્રદર્શન સામાન્ય વ્યક્તિને વિસ્મય પમાડે તેવું લાગે પરંતુ હકીકત એ છે કે બળરામ પણ અનંત શેષનાગના રૂપમાં ભગવાન હતા કે હમણાં જેઓ પોતાની સહસ્ત્ર ફેણો વડે આ લોકને ધારણ કરી રહ્યા છે. અગાઉના લેખોમાં પણ આ ઉલ્લેખ કરાયો છે. એમના દ્વારા આ જગતને એ પ્રકારે ધારણ કરાયું છે કે જાણે કપડામાં રહેલા તાણાવાણા એકબીજામાં સમાઈને વણાઈને કપડું બનાવે.

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

અહીં ગધેડાઓમાં રહેલાં ચાર લક્ષણોની તુલના મનુષ્ય સાથે કરવામાં આવી છે.

૧. જેમ પવિત્ર જળમાં સ્નાન કર્યા પછી પણ ગધેડા રાખમાં આળોટે છે, તેમ પવિત્ર નદીઓમાં સ્નાન કર્યા પછી પણ મનુષ્ય પાપ અને દુરાચાર રૂપી રાખમાં આળોટે છે.

૨. ગધેડા ચંદનનો ભાર તો ઊંચકે છે પણ તેનું મૂલ્ય તેને ખબર નથી. બરાબર આ જ રીતે મનુષ્ય પણ સંસારરૂપી ભારને વહન અને સહન કર્યા પછી પણ તેના સાર રૂપ ભગવાનને ઓળખતો નથી,

૪. ગધેડો કોઈને સન્મુખ મારતો નથી પરંતુ પાછલા પગેથી મારે છે. આ જ રીતે મનુષ્ય પણ પ્રત્યક્ષમાં તો એકબીજાના વખાણ કરે છે પરંતુ પાછળથી લાત મારે છે.

શ્રીકૃષ્ણ અને બળરામે ધેનકાસુરના તમામ સહયોગી મિત્ર-ગધેડાઓને પણ મારી નાખ્યા તે મહાન ઘટનાને જોઈને દેવતાગણ સ્વર્લોકમાંથી પધાર્યા અને શ્રીકૃષ્ણ તથા બળરામ પર પુષ્પો વરસાવવા માંડ્યા અને સાથે જ દુંદુભિ વગાડી તેમની સ્તુતિ કરવા માંડ્યા.

આ પ્રસંગ પછી જ્યારે શ્રીકૃષ્ણ અને બળરામે તેમના મિત્રો સહિત વૃન્દાવનમાં પ્રવેશ કર્યો, ત્યારે સર્વ બાળકોની મુખાકૃતિ તિલકથી શોભી રહી હતી અને ગાયોની ચરણરજ તેના પર ઉપસી આવી હતી. શ્રીકૃષ્ણના માથા પર મોરપંખ શોભાયમાન હતો. શ્રીકૃષ્ણ અને બળરામ બંનેએ તેમની મધુર વાંસળી વગાડી.

શ્રીકૃષ્ણને ઘરે પાછા આવતા જોઈ તરુણવયની ગોપિકાઓના મુખ પર હર્ષથી લાલી આવી ગઈ. શ્રીકૃષ્ણની અનુપસ્થિતિના કારણે તેઓ અત્યંત ખિન્ન રહેતી હતી. આખો દિવસ તેઓ વનમાં ગાયો ચરાવતા શ્રીકૃષ્ણનું મનમાં ચિંતન કર્યા કરતી હતી. જ્યારે તેમણે શ્રીકૃષ્ણને વનમાંથી પાછા આવતા જોયા તો તેમની ચિંતા તરત સમાપ્ત થઈ ગઈ અને તેઓ વહન અને સહન કર્યા પછી પણ તેના તેમના મુખ તરફ એવી રીતે જોવા માંડી જે જેવી રીતે ભ્રમરોના ચિત્ત કમળપુષ્પમાં રહેલા મધ પર મંડરાયેલા રહેતા હોય છે. જ્યારે શ્રીકૃષ્ણે વૃન્દાવનમાં પ્રવેશ કર્યો ત્યારે આ તરુણ ગોપિકાઓના મુખ પર આનંદ અને સંતોષનું હાસ્ય છવાઈ ગયું. શ્રીકૃષ્ણે વાંસળી વગાડતાં વગાડતાં આ સુંદર હાસ્યમય ચહેરાઓને નિહાળ્યા અને ખૂબ આનંદિત થયા.

સર્વ બાળકોએ ઘરે આવીને પોતપોતાનાં માતા-પિતાને વનમાં આજે શ્રીકૃષ્ણ અને બળરામે કરેલાં અસાધારણ કાર્યોની વાત કરી તેમની પ્રશંસા કરી. શ્રીકૃષ્ણ અને બળરામ ઘરે પહોંચ્યા ત્યારે યશોદાજી અને રોહિણીજીએ તેમનું સ્વાગત કર્યું અને બંને માતાઓ પોતપોતાના પુત્રોએ જે ઈચ્છા કરી તે ઈચ્છા પૂર્ણ કરવા માટેની વ્યવસ્થા કરવા માંડી. માતાએ પુત્રોની આ રીતે સેવા તો કરી જ, તે ઉપરાંત પોતાના દિવ્ય પુત્રોને આશીર્વાદ પણ આપ્યા. તેમણે પુત્રોને નવડાવીને સુંદર વસ્ત્રો પહેરાવ્યા. શ્રીકૃષ્ણને પીળા અને બળરામને ભૂરા વસ્ત્રો પહેરાવ્યા. આ ઉપરાંત અનેક પ્રકારના આભૂષણો અને માળાઓ પહેરાવી. આખો દિવસ વનમાં રખડવાનો અને ધેનકાસુર સાથેના પ્રસંગનો જે થાક લાગ્યો હતો તે ઉતારી બંને તાજા અને સુંદર દેખાવા માંડ્યા. એમની માતાઓએ તેમને સુંદર ભોજન આપ્યું અને બંનેએ ખૂબ આનંદિત થઈને તે ભોજનનો અંગીકાર કર્યો.

અહીં વિવેચકો લખે છે કે ભગવાન બે રીતે ભોજન કરે છે. જ્યાં સાધારણ પ્રેમ છે ત્યાં ભગવાન રસ રૂપે ભોજન કરે છે. જ્યાં અતિશય પ્રેમ છે ત્યાં ભગવાન પ્રત્યક્ષ ભોજન કરે છે. વળી ગૃહિણીઓ માટે ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, માત્ર પરિવારજનો ભોજન કરવાના છે એવું વિચારીને કરાતી રસોઈ એ વ્યવહાર છે, પરંતુ ભગવાન પણ ભોજન કરવાના છે એવું વિચારીને બનાવાતી રસોઈ એ પણ ભક્તિ જ છે અને અહીં તો બંને માતાઓ અજાણતાં જ ભગવાનની ભક્તિ કરી રહી હતી. ભોજન અંગીકાર બાદ તેમને સ્વચ્છ પથારી પર બેસાડીને માતાઓ તેમની લીલા અને કાર્યકલાપ અનુસાર ગીતો ગાવા માંડી અને આ સાંભળતાં સાંભળતાં બંને ગાઢ નિદ્રામાં પ્રવેશી ગયા. આ પ્રમાણે શ્રીકૃષ્ણ અને બળરામ ગોવાળોના રૂપમાં વૃન્દાવનમાં લીલાઓ કરી જીવનનો તૃપ્ત આનંદ માણી રહ્યા હતા.

ધેનકાસુર વધની લીલાનો આવો ભાવ છે.

(ક્રમશઃ)